ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

નડિયાદમાં ચોપડે બોગસ એન્ટ્રી બોલાવનારા મિલકતધારકો સામે તંત્ર લાલઘૂમ

નડિયાદ મનપાનો સમગ્ર શહેરમાં નવેસરથી માપણીનો કડક આદેશ

'અર્બન એટલાસ પ્રોજેક્ટ' અંતર્ગત તમામ રહેણાંક અને વ્યવસાયિક મિલકતોનો સર્વે શરૂ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ મનપા વિસ્તારમાં શહેરી આયોજનને વધુ સુદ્રઢ કરવા અને મિલકત વેરાના ચોક્કસ આંકડાકીય માળખા માટે તમામ રહેણાંક તથા વ્યવસાયિક મિલકતોની નવેસરથી માપણી અને આકારણીની વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારના આદેશથી ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન હેઠળ કાર્યરત 'અર્બન એટલાસ પ્રોજેક્ટ' અંતર્ગત આ મહત્વપૂર્ણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કવાયતનો મુખ્ય આશય મહાનગરપાલિકાના ચોપડે નોંધાયેલી બોગસ અને અધૂરી એન્ટ્રીઓ પર આકરો બ્રેક લગાવવાનો છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેક્ષણ અંતર્ગત શહેરની દરેક રહેણાંક તેમજ વ્યવસાયિક મિલકતનો નવો અને સંપૂર્ણ પારદર્શક આકારણી રજીસ્ટર તૈયાર કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટના અમલીકરણ માટે 'એમ નેક્સ્ટ ઈન્ફોટેક' નામની ખાનગી એજન્સીને સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. આ એજન્સીના અધિકૃત સર્વેયરો અને કર્મચારીઓ નડિયાદના વિવિધ વિસ્તારોમાં પ્રત્યેક મિલકતની ડોર-ટુ-ડોર રૂબરૂ મુલાકાત લઈને સ્થાનિક સ્તરેથી તમામ જરૂરી માહિતી એકત્રિત કરશે.

તંત્ર દ્વારા લેવાયેલા આ કડક નિર્ણયથી નવો અધ્યતન આકારણી રજીસ્ટર તૈયાર થતાં ભવિષ્યમાં નગરજનો માટે પાયાની સુવિધાઓના સુચારુ આયોજનમાં વહીવટી તંત્રને મોટી મદદ મળશે.

આઇડી કાર્ડ જોઇને જ માહિતી આપવી

આ સર્વેની કામગીરી દરમિયાન નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે અને કોઈ ગેરરીતિ ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સર્વે માટે આવનાર તમામ કર્મચારીઓને મહાનગરપાલિકા દ્વારા વિશેષ ઓળખપત્ર ઇશ્યૂ કરવામાં આવ્યા છે, જેના પર નાયબ મ્યુનિસિપલ કમિશનરની સહી છે. આથી, અપીલ કરી છે કે ઘરે આવનારા સર્વેયરના ઓળખપત્રની ખરાઈ કર્યા બાદ જ મિલકત સંબંધી સચોટ માહિતી આપવી.

શંકા અને ઘરકામ બાબતે મહેણાં-ટોણાંથી કંટાળી ગળે ફાંસો ખાધો

મહુધામાં સાસરીયાના ત્રાસથી પરિણીતાએ આપઘાત કરી લીધો

મહુધા પોલીસે પતિ, સાસુ, જેઠ અને જેઠાણી સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

મહુધા તાલુકાના બારૈયાની મુવાડી ગામમાં સાસરી પક્ષના શારીરિક તથા માનસિક ત્રાસથી કંટાળીને અરૂણાબેન નામના પરિણીતાએ સવારે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

બાલાસિનોર તાલુકાના પડપડીયા ગામના અરૂણાબેન બારૈયાના લગ્ન આશરે દોઢથી બે વર્ષ પહેલા બારૈયાની મુવાડી ખાતે રહેતા મિતુલભાઈ રમેશભાઈ સોઢા સાથે થયા હતા. આ લગ્નના થોડા સમય બાદ પતિ મિતુલભાઈ સોઢા, સાસુ કલાશબેન, જેઠ વિપુલભાઈ અને જેઠાણી અલ્પાબેન દ્વારા અરૂણાબેનના ચારિત્ર્ય ઉપર શંકા રાખીને તને રાખવી નથી અને તને ઘરકામ આવડતું નથી તેમ કહી મહેણાં-ટોણાં મારી અવારનવાર ઝઘડા કરીને શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો.

આ બાબતે પરિણીતાના ભાઈ અને પરિવારજનોએ અગાઉ સાસરી પક્ષને સમજાવી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્રાસ આપવાનું ચાલુ જ રખાયું હતું. આ સતત હેરાનગતિથી કંટાળીને અરૂણાબેને વહેલી સવારે આશરે સાડા પાંચ વાગ્યે પોતાની સાસરી ખાતે ગળે ફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો હતો.

આ બનાવની જાણ થતાં પરિણીતાના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ૧૧૨ પર ફોન કરી એમ્બ્યુલન્સ મારફતે તેમને મહુધા સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ અંગે મૃતકના ભાઈ વીરેન્દ્રસિંહ અરવિંદભાઈ બારૈયા (રહે. પરપડીયા, તા. બાલાસિનોર) ની ફરિયાદના આધારે મહુધા પોલીસે પતિ મિતુલભાઈ, સાસુ કલાશબેન, જેઠ વિપુલભાઈ અને જેઠાણી અલ્પાબેન સામે આપઘાત દુષ્પ્રેરણાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વિશ્વાસ જીત્યા બાદ રકમ ન ચૂકવી

સોખડાની ફાર્મા કંપની સાથે ૧.૫૭ કરોડથી વધુની ઠગાઈ

દિલ્હીના બે શખ્સો સામે ખંભાત ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૭

ખંભાત તાલુકાના સોખડા ગામે આવેલી 'એમ્બીશન ફાર્મા' કંપનીમાંથી રૂ. ૧,૫૭,૩૮,૧૦૦ ની કિંમતનું દવાનું રો-મટીરિયલ્સ મેળવી પેમેન્ટ ન ચૂકવી છેતરપિંડી આચરવા બદલ દિલ્હીની કંપનીના બે માલિકો સામે ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા શીતલબેન ચેતનકુમાર ભોજાણી અને તેમના પતિ સોખડા ગામે ભાગીદારીમાં ફાર્મા કંપની ચલાવે છે. દિલ્હી ખાતે આવેલી 'કીર્તિ ફાર્મા'ના માલિકો અશ્વિનીકુમાર ઉર્ફે કેદારનાથ ઉર્ફે સંજયકુમાર સનીજા તેમજ વિશાલ વર્માએ અગાઉ આ કંપનીમાં કામ કરતા ભાવિનભાઈ મારફતે સંપર્ક કરી શીતલબેનને વિશ્વાસમાં લીધાં હતાં.

બાદમાં ગઠિયાઓ ફાર્મા કંપની પાસેથી 'ફેરસ અબકોર્બેટ આઈ.પી.ડી.સી.' નામનું દવાનું રો-મટીરિયલ્સ ઉધારમાં ખરીદ્યું હતું. શરૂઆતમાં થોડી રકમનું પેમેન્ટ ચૂકવીને વેપારીનો ભરોસો જીત્યા બાદ આરોપીઓએ મોટો જથ્થો ઉધાર મંગાવી લીધો હતો. બાદ રૂ. ૧,૫૭,૩૮,૧૦૦ જેટલી માતબર રકમનું પેમેન્ટ ચૂકવવાને બદલે વારંવાર ખોટા વાયદાઓ કરીને છેતરપિંડી આચરી હતી. આ અંગે શીતલબેને ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે પહોંચીને કીર્તિ ફાર્માના માલિકો અશ્વિનીકુમાર અને વિશાલ વર્મા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

કરમસદ-આણંદ મનપાએ વેરા ન ભરતાં વધુ ૫ મિલકતો સીલ

લક્ષ્મી ટોકીઝ ચાર રસ્તા વિસ્તારમાં મનપાની ટીમ ત્રાટકી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

કરમસદ-આણંદ મનપા દ્વારા બાકી વેરો વસૂલ કરવાની ઝુંબેશ સતત પાંચમા દિવસે પણ યથાવત રહી છે. મનપાની રિકવરી ટીમ દ્વારા કડક કામગીરી હાથ ધરીને રૂ. ૮,૮૭,૬૯૩ જેટલો બાકી વેરો ન ભરનાર મિલકતધારકો સામે પગલાં લેવામાં આવ્યા છે, જેના ભાગરૂપે લક્ષ્મી ટોકીઝ ચાર રસ્તા વિસ્તારની કુલ ૫ પ્રોપર્ટીઓને સીલ કરવામાં આવી છે.

કરમસદ-આણંદ મનપાની રિકવરી વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલી આ વસુલાત ઝુંબેશ દરમિયાન બાકી મિલકત વેરા પેટે રૂ. ૯,૫૫,૪૧૪ ની રોકડ વસુલાત પણ કરવામાં આવી છે. તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે બાકી વેરો ન ભરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી અને સીલિંગની આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

આ તકે મહાનગરપાલિકા તંત્ર દ્વારા મનપા વિસ્તારના તમામ મિલકતધારકોને તાકીદે અનુરોધ કરવામાં આવ્યો છે કે જેઓનો મિલકત વેરો કે અન્ય કોઈ વેરો ભરવાનો બાકી હોય, તેઓ સમયસર પોતાના વેરાની ભરપાઈ કરી દે જેથી સીલિંગ કે દંડકીય કાર્યવાહીથી બચી શકાય.

આ વેરો સીધો જ લોકકલ્યાણકારી યોજનાઓ પાછળ વપરાતો હોવાથી, નાગરિકો સમયસર વેરો ભરીને શહેરના વિકાસયજ્ઞમાં યોગદાન આપે તેવું આહ્વાન કર્યું છે.

કરમસદ-આણંદ મનપાએ વધુ ૮ મિલકતો સીલ કરી

કરમસદ-આણંદ મનપા દ્વારા બાકી મિલકત વેરો વસૂલવા માટે હાથ ધરાયેલી ખાસ ઝુંબેશના સતત ચોથા દિવસે રિકવરી ટીમે આક્રમક કામગીરી ચાલુ રાખી હતી. રૂ. ૩,૬૧,૩૮૭ જેટલો બાકી વેરો ન ભરનારા મિલકતધારકો સામે કડક પગલાં ભરીને કુલ ૮ પ્રોપર્ટીઓને સીલ કરવામાં આવી છે. કરમસદ-આણંદ મનપાની રિકવરી ટીમ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં અમૂલ ડેરી રોડ પર આવેલી ૪ અને ૧૦૦ ફુટ રોડ પરની ૪ મળીને કુલ ૮ મિલકતોને સીલ કરવામાં આવી હતી. મનપા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બાકી વેરા વસૂલાતની આ કડક ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે. કરમસદ-આણંદ મનપા વિસ્તારના સર્વાંગી વિકાસ, માળખાકીય સુવિધાઓ અને સુંદરતા માટે કરદાતાઓનો સહયોગ જરૂરી છે. તેથી તમામ મિલકતધારકોને તાકીદે અને સમયસર બાકી વેરો ભરીને સીલિંગ કે દંડકીય કાર્યવાહીથી બચવા મનપા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આણંદના ધુળેટાની નહેરમાં ડૂબી જવાથી પ્રૌઢનું મોત

આણંદ ફાયર બ્રિગેડે ભારે શોધખોળ બાદ મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદ તાલુકાના ધુળેટા ગામની નહેરમાં અગમ્ય કારણોસર એક વ્યક્તિ ડૂબી જવાની દુર્ઘટના સામે આવી છે. આ ઘટનાની જાણ થતાં જ કરમસદ-આણંદ ફાયર અને ઇમર્જન્સી સર્વિસીસની ટીમે ત્વરિત કામગીરી હાથ ધરીને નહેરમાંથી ૪૨ વર્ષીય પ્રૌઢનો મૃતદેહ બહાર કાઢી પોલીસ હવાલે કર્યો હતો.

કરમસદ-આણંદ ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસીસના કંટ્રોલ રૂમમાં ૧૭મીના રોજ સવારે ૦૭:૨૦ કલાકે ધુળેટા ગામની નહેરમાં એક વ્યક્તિ ડૂબ્યા અંગેનો કોલ મળ્યો હતો. આ કોલ મળતાની સાથે જ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી આણંદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના થઈ હતી.

આ રેસ્ક્યુ કામગીરીમાં ફાયર ડ્રાઈવર હીતેન પાટણવાડીયા, લીડિંગ ફાયરમેન હિતેશ વસાવા, ફાયરમેન શંકર ડામોર, અરબાજ મલેક, અજીત બારીયા, અજય ડામોર, રીકેશ ભૂરિયા સહિત ૬ તરવૈયાઓ અને ૪ ટ્રેઈની ફાયરમેનની ટીમે નહેરમાં ભારે શોધખોળ હાથ ધરી હતી. આ કડક મથામણ અને શોધખોળના અંતે નહેરમાંથી વ્યક્તિની બોડી બહાર કાઢવામાં આવી હતી. આ અંગેની પોલીસ તપાસ દરમિયાન મૃતક વ્યક્તિની ઓળખ ધુળેટા ગામના રહેવાસી રમણભાઈ બળવંતભાઈ રોહિત (ઉંમર ૪૨ વર્ષ) તરીકે થઈ હતી. ફાયર બ્રિગેડ દ્વારા મૃતદેહને કબજે લઈ આગળની જરૂરી કાર્યવાહી અર્થે પોલીસને સોંપવામાં આવ્યો છે.

સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરાવવામાં મદદગારી કરી હતી

સગીરાના દુષ્કર્મમાં મદદગારી બદલ મહિલાને ૨૦ વર્ષની કેદ

મહિલાને ૬૦ હજારનો દંડ અને સગીરાને કુલ સવા લાખનું વળતર ચૂકવવાનો આદેશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ તાલુકાના આખડોલ તાબાના ગોકળપુરા વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરી પોતાના સગીર પુત્ર સાથે દુષ્કર્મ કરાવવામાં મદદગારી કરનાર આરોપી મહિલા સુમિત્રાબેન સોલંકીને નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, અદાલતે ભોગ બનનાર સગીરાને આર્થિક વળતર ચૂકવવાનો આદેશ આપી સમાજમાં કાયદાના શાસનનો કડક સંદેશ આપ્યો છે.

નડિયાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ગત ૧૩મી મે, ૨૦૨૫ના રોજ વાલીપણામાંથી સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ અપહરણ સુમિત્રાબેન સોલંકી અને બાબુભાઈ સંગાડાએ ભેગા મળીને કરાવ્યું હતું. બાબુભાઈ પોતાની મોટરસાયકલ પર સગીરાને બેસાડી દાહોદ જિલ્લાના દામણબારી ગામે લઈ ગયો હતો, જ્યાં સુમિત્રાબેનના સગીર પુત્રએ સગીરા સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

નડિયાદના સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં આ કેસ ચાલી જતાં સરકારી વકીલ સાગર આર. ભટ્ટ હાજર રહ્યા હતા.

પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરવામાં આવેલા ૧૮ દસ્તાવેજી પુરાવા અને ૧૨ સાક્ષીઓની જુબાનીને અદાલતે ગ્રાહ્ય રાખી હતી અને અદાલતે સુમિત્રાબેનને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને ૬૦ હજારનો દંડ ફટકાર્યો છે. જો દંડ ના ભરે તો વધુ સજા ભોગવવાનો આદેશ કરાયો છે. આ દંડની રકમમાંથી ૨૫ હજાર સગીરાને વળતર તરીકે આપવા તેમજ સરકારી ઠરાવ મુજબ અન્ય ૧,૦૦,૦૦૦નું વધારાનું વળતર ચૂકવવાનો કોર્ટે આદેશ કર્યો છે.

ગળતેશ્વરમાં ગૌવંશ કતલ કેસમાં ૩ને ૧૦ વર્ષની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

ગળતેશ્વર તાલુકાના અંધાડી પહાડીયા ગામે ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરી માંસનો વેપાર કરવાના ગંભીર કેસમાં નડિયાદની પાંચમી એડિશનલ સેશન્સ કોર્ટે અત્યંત મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે ત્રણેય આરોપીઓને કસૂરવાર ઠેરવી ૧૦-૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત પ્રત્યેક આરોપીને રૂપિયા ૧ લાખનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૬ માસની સાદી કેદનો હુકમ કર્યો છે.

સેવાલિયા પોલીસે ૨૧મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અંધાડી પહાડીયા ખાતે ગેરકાયદે ગૌમાંસ રાખવામાં આવ્યું હોવાની બાતમીના આધારે સેવાલિયા પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી આશરે ૨૦૦ કિલો ગૌમાંસ, કતલના સાધનો, રોકડ રકમ અને ૩ મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. આ ઉપરાંત કતલના ઈરાદે લાવવામાં આવેલા ૨ બળદ અને ૧ વાછરડા સહિત કુલ ૭૩,૦૨૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ કેસ નડિયાદના પાંચમા એડિશનલ સેશન્સ જજ આર. જે. મીરાણીની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં સરકાર તરફથી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ડી. સી. પ્રજાપતિએ હાજર રહી ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટે ૧૮ દસ્તાવેજી પુરાવાઓ તથા ૧૪ સાક્ષીઓની જુબાનીઓને ગ્રાહ્ય રાખી હતી.અદાલતે પુરાવા અને દલીલોને ધ્યાને રાખી આરોપી ઈકબાલભાઈ મહંમદભાઈ કુરેશી, મહંમદઈલીયાસ ઉર્ફે તૈયબભાઈ કુરેશી અને ફૈઝાન યુસુબભાઈ કુરેશીને પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ ૫ અને ૮ મુજબ તકસીરવાન ઠરાવ્યા હતા.

સબ રજિસ્ટ્રાર કર્મીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો

સરકારે આપેલી મુદત વીતી જવા છતાં બાહેંધરી ન મળતાં કર્મચારીઓ આંદોલનના માર્ગે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

રાજ્ય સરકારના મહેસૂલી આવકના મહત્વના એવા રજીસ્ટ્રેશન વિભાગના વર્ગ-૩ ના કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓ અંગે સરકારે લેખિત બાહેંધરી ન આપતાં ખેડા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં કાળી પટ્ટી ધારણ કરી સજ્જડ વિરોધ દર્શાવ્યો છે. લાંબા સમયની રજૂઆતો બાદ પણ હકારાત્મક ઉકેલ ન આવતાં કર્મચારીઓએ સરકારી કામકાજના તમામ વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈને પોતાનો ભારે રોષ વ્યક્ત કર્યો છે.

ગુજરાત રાજ્ય રજીસ્ટ્રેશન કર્મચારી મંડળ અને સરકાર વચ્ચે ગત ૧૩ અને ૧૪ ઓક્ટોબરના રોજ બે દિવસીય મેરેથોન બેઠક યોજાઈ હતી. જેમાં ૧૫ ઓક્ટોબરના બપોરે ૩ વાગ્યા સુધીમાં લેખિત બાહેંધરી આપવાની ખાતરી અપાઈ હતી, પરંતુ નિર્ધારિત સમયમર્યાદા વીતી જવા છતાં કોઈ લેખિત બાહેંધરી ન મળતાં કર્મચારીઓ આંદોલને વળ્યા છે.

ચરોતરના કર્મચારી મંડળની ૧૩ મુખ્ય માંગણીઓમાં દસ્તાવેજ નોંધણી માટે ફાળવાતો ૧૦ મિનિટનો સમય વધારવાનો મુદ્દો કેન્દ્રસ્થાને છે. માર્ચ અને એપ્રિલ જેવા વ્યસ્ત મહિનાઓમાં આ સમય ઘટીને માત્ર ૫ મિનિટ થઈ જાય છે. આટલા ટૂંકા સમયમાં પક્ષકારોનું વીડિયો રેકોર્ડિંગ, ઓળખની ચકાસણી, ફીની ગણતરી અને ૫૦ થી ૧૦૦ પાનાના દસ્તાવેજો વાંચીને કામગીરી પૂર્ણ કરવી પ્રેક્ટિકલી અશક્ય છે.

આ કચેરીઓમાં ગરવી સોફ્ટવેરની ટેકનિકલ ખામીઓ દૂર કરવા અને સમયના અભાવે થતી નાની ભૂલો બદલ કર્મચારીઓની કનડગત અટકાવવા માંગ કરાઈ છે. આ ઉપરાંત વિરોધાભાષી પરિપત્રોના કારણે કચેરીઓમાં ઉભા થતા સંઘર્ષને રોકવા માટે પણ મંડળ દ્વારા તાકીદે યોગ્ય ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી છે.

હાલ રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા હડતાલની મોસમ શરૂ થઈ હોય તેમ એક પછી એક વિભાગ હડતાલ પાડતા ચર્ચાનો વિષય બન્યો છે.

ચરોતરમાં આજે આઠમ: વિશેષ પૂજા-અર્ચના સાથે યજ્ઞ હવન યોજાશે

માતાજીની આરાધના, પૂજા-અર્ચના અને ધાર્મિક વિધિઓ માટે ઉત્સાહ છવાયો

(પ્રતિનિધિ) આણંદ તા ૧૭

ચરોતર પંથકમાં નવરાત્રિના પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે, ત્યારે રવિવાર, તા. ૧૮ ઓક્ટોબરના રોજ આસો સુદ આઠમ એટલે કે મહાઅષ્ટમી નિમિત્તે આણંદ જિલ્લામાં વિવિધ સ્થળોએ હવન-યજ્ઞ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. મહાઅષ્ટમીના પવિત્ર દિવસે માતાજીની આરાધના, પૂજા-અર્ચના અને ધાર્મિક વિધિઓમાં જોડાવા માટે શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મહાઅષ્ટમીના અવસરે વિવિધ મંદિરો અને ધાર્મિક સ્થળોએ માતાજીની વિશેષ પૂજા, આરતી તથા હવન-યજ્ઞનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત અનેક પરિવારો દ્વારા પોતાના ઘરે પણ ધાર્મિક વિધિ-વિધાન સાથે હવન અને પૂજન કરવામાં આવશે.

ધાર્મિક માન્યતા અનુસાર મહાઅષ્ટમીના દિવસે માતાજીની આરાધના અને હવન-યજ્ઞ કરવાથી વાતાવરણમાં સકારાત્મકતા આવે છે તથા પરિવારની સુખાકારી અને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ દિવસે શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શન કરી પરિવારની સુખ-સમૃદ્ધિ અને સર્વના કલ્યાણની મનોકામના વ્યક્ત કરશે.

નવરાત્રિના અંતિમ તબક્કામાં પ્રવેશ સાથે ચરોતર પંથકનાં મંદિરોમાં ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. મહાઅષ્ટમીના પર્વને લઈને ભક્તોમાં વિશેષ શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ છવાયો છે.

નડિયાદ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિના પાવન પર્વે શ્રી દુર્ગાપૂજા-૨૦૨૬નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનું સંયુક્ત આયોજન શારદીય સેવા ચેરિટેબલ ટ્રસ્ટ અને નડીઆદના બંગાળી સમાજ દ્વારા કરવામાં આવ્યું છે. - તસવીર : જશવંતસિંહ રાઠોડ

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225